# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૯ તા.૩૦-૪-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-મહાત્માગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત શાળા , કોલેજો, યુનિવર્સિટીઓમા તથા શૈક્ષણિક સંસ્થાઓમાં સઘન અને અસરકારક સફાઈ ઝુંબેશ અંગેનો કાર્યક્રમ (તા.૩૦-૪-૧૫ થી ૨-૫-૧૫)

સંદર્ભ :-ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો પરિપત્ર ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/૨૭૬/વ૨/તા.૨૯-૪-૧૫

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, મહાત્માગાંધીજીની ૧૫૦ની જન્મ જયંતિની ઉજવણી બીજી ઓકટોબર-૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારતની ભેટ તેમને આપી ‘‘સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત’’ બનાવવા વડાપ્રધાનશ્રીએ કરેલા આહ્વાનના ભાગરૂપે રાજ્ય સરકારે ગુજરાત રાજ્યના સ્થાપના દિન નિમિત્તે સમગ્ર રાજ્યમાં તા.૧-૫-૧૫ થી ૧૫-૫-૧૫ દરમ્યાન સફાઈ ઝુંબેશમાં સરકારની સાથે રાજ્યના તમામ નાગરિકો સહભાગી થાય, લોકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ આવે અને સ્વચ્છતાની ટેવ કેળવાય તે માટે સરકારશ્રી દ્વારા આયોજન હાથ ધરાયેલ છે.

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ સંચાલિત તમામ મ્યુનિ. શાળાઓમાં પણ ભારત સરકાર તથા રાજ્ય સરકારના દિશા નિર્દેશ મુજબ સફાઈ માટે સઘન અને અસરકારક સફાઈ ઝુંબેશનું આયોજન તા.૩૦-૪-૧૫ થી ૨-૫-૧૫ દરમ્યાન પ્રથમ તબક્કાના ભાગરૂપે કરવાનું રહેશે.

- તા.૩૦-૪-૧૫ના રોજ તમામ મ્યુનિ. શાળાઓમાં સામુહિક સફાઈ ઝુંબેશ કરવી.
- તા.૧-૫-૧૫ના રોજ તમામ મ્યુનિ. શાળાઓમાં પાણીની ટાંકીઓની સફાઈ કરવી.
- તા.૨-૫-૧૫ના રોજ તમામ શાળાઓના સેનિટેશન, તમામ સેનિટેશનની ડ્રેનેજ લાઈન જો ચોક-અપ હોય તો તેની સફાઈ કામગીરી હાથ ધરવાની રહેશે.

આ ઉપરાંત વિદ્યાર્થી સાથે વાલી પરિણામ લેવા આવે ત્યારે ‘સફાઈ ઝુંબેશની જાગૃતિ અંગે જાણ કરવી, સમજૂતિ આપવી.

હવે પછીનો બીજો તબક્કો ૮ મી જૂન થી શરૂ થશે તેની જાણ અલગથી કરવામાં આવશે.

તા. ૩૦-૪-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી